

**નવા વર્ષના વધામણાં :** ૩૧મી ડીસેમ્બરની રાત્રે શહેરની આસપાસની કલબો અને ફાર્મ હાઉસો ડી.જે. સાથે ડાન્સ યોજાયા હતા. શહેરના પાદરમાં અનેક કલબો રીસોર્ટ અને પાર્ટી પ્લોટમાં નાના-મોટાં મિત્રવૃંદો તથા સંસ્થાઓ દ્વારા ડાન્સના કાર્યક્રમો યોજાયા હતા. કેટલાક સ્થાનો ઉપર સંખ્યા પાંખી હતી. જ્યારે કેટલીક જગ્યાએ ડાન્સમાં યુવાનો ઉમટ્યા હતા. આર્ટ લવર્સ દ્વારા પણ ડી.જે. ડાન્સ પાર્ટીનો કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

# તેજાનંદ ધામ ખાતે સામુહિક યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

હિન્દુ ધર્મના રક્ષણ અને ભારતીય સંસ્કૃતિના વિસ્તાર, સંરક્ષણ અને સંવર્ધન કરવામાં ગુરૂ બ્રાહ્મણ સમાજનું યોગદાન મહત્વનું છે. હિન્દુ સમાજના અતિ મહત્વના દલિત સમાજમાં ભારતીય સંસ્કૃતિ- હિન્દુ ધર્મે ટકાવી રાખવામાં આ ગુરૂ બ્રાહ્મણ સમાજનો નોંધ પાત્ર ફાળો છે, તેવું આજરોજ મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ કલોલના આરસોડિયા ખાતેના તેજાનંદ ધામમાં યોજાયેલ ગુરૂ બ્રાહ્મણ સમાજના ૧૦૦૮ બટુકોના સામૂહિક યજ્ઞોપવિત સંસ્કાર વિધીમાં જણાવ્યું હતું.



મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું કે, હિન્દુ શાસ્ત્રોના ૧૬ સંસ્કારોમાં યજ્ઞોપવિત સંસ્કાર મહત્વનો સંસ્કાર છે. યજ્ઞોપવિત સંસ્કારથી બાળક બ્રાહ્મણ બને છે, બ્રાહ્મણ એટલે સમાજમાં જ્ઞાન, નીતિ, નિયમ અને સત્યનું આવીસ્કાર કરનાર છે, તેવું કહી મુખ્ય મંત્રીએ ગુરૂ બ્રાહ્મણ સમાજના ૧૦૦૮ બટુકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

તેજાનંદ સ્વામીએ દલિત સમાજની એકતા અને અખંડતા ટકાવી રાખવામાં સમગ્ર જીવનને સમર્પિત કરી દીધું છે. દલિતો પણ સમાજમાં શાસ્ત્રવિધી કરી શકે તેવી સમાજની સમરસપ્રથાનો આરંભ પણ કર્યો છે, તેવું પણ મુખ્ય મંત્રીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત સમાજના અગ્રણી જગદીશ જી. માળીએ કર્યું હતું. તેમજ આભારવિધી સમાજના અગ્રણી ગીરીશ જી. પંડયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાનુભાઇ એસ. દવે અને બાબુલભાઇ બારોટે કર્યું હતું.

સમારંભમાં રાજયસભાના સાંસદ શંભુનાથ ટુડીયા, પૂર્વ સાંસદ નટુજી ઠાકોર, ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત જાતિ વિકાસ નિગમના પ્રવિણભાઇ પંડયા, કલોલ નગરપાલિકા પ્રમુખ આનંદીબેન પટેલ, જિલ્લા કલેકટર સતીશ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેશ શાહ સહિત સમાજના ભાઇ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# આઠ સનદી અધિકારીઓને સિલકેશન ગ્રેડ અપાયો

રાજયના બે સનદી અધિકારીઓને સુપર ટાઈપ સ્કેલમાં બઢતી આપીને તેજ જગ્યાએ નિમણૂંક આપવામાં આવી છે. વાણિજ્યિક વેરા કમિશ્નર કચેરીમાં ખાસ કાર્યરત તરીકે ફરજ બજાવતાં મિસ આરતી કંવરને અને એસ.ટી. નિગમના ઉપાધ્યશ અને એમ.ડી. તરીકે ફરજ બજાવતા વિજય નેહરાને સુપર ટાઈમ સ્કેલમાં બઢતી આપીને આજ જગ્યાએ નિમણૂંક આપવામાં આવી છે. આ ઉપરાંત રાજયના આઠ સનદી અધિકારીઓને પણ સિલેકશન ગ્રેડ આપીને જે જગ્યાએ ફરજ બજાવે છે ત્યાં જ નિમણૂંક આપવામાં આવી છે.

| | |
|---|---|
| ડૉ. રાહુલ બી ગુપ્તા | કલેકટર, જૂનાગઢ |
| ચિ.મનીષા ચંદ્રા | નિયામક, મહિલા બાળવિકાસ |
| એસ એલ અમરાણી | અધિક સચિવ, શ્રમ રોજગાર વિભાગ |
| એમ એસ પટેલ | કલેકટર, સૂરત |
| બી સી પટણી | કલેકટર, તાપી |
| એલ પી પાડલીયા | કલેકટર દાહોદ |
| એમ એ ગાંધી | કલેકટર, કચ્છ-ભૂજ |
| એન બી ઉપાધ્યાય | રજીસ્ટ્રર, સરકારી મંડળીઓ |

# વિધાનસભા ચૂંટણી જંગી બહુમતિ સાથે જીતીશું : રૂપાણી

અમદાવાદ, તા.૧

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સને ૨૦૧૭ના નવા વર્ષના પહેલા દિવસે સૌને અભિનંદન આપતાં અને ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં વિજેતા બનેલા સરપંચઓને આવકારતાં જણાવ્યું હતું કે, આગામી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં બે તૃતિયાંશ કરતાં પણ વધુ બહુમતીથી ગુજરાતમાં ભાજપાની સરકાર બનવાની છે. સરપંચઓની આજની વિશાળ સંખ્યા એ દિશા તરફ નિર્દેશ આપે છે. રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી જ્યાં જાય છે ત્યાં કોંગ્રેસનો સફાયો થાય છે. આથી કોંગ્રેસ પક્ષે રાહુલ ગાંધીને ગુજરાતમાં શક્ય તેટલો વધારો પ્રવાસ કરાવવો જોઈએ એ જેનાથી ગુજરાતમાં કોંગ્રેસનો સફાયો થાય અને વડાપ્રધાનના કોંગ્રેસ મુક્ત ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં પણ ગુજરાત નંબર-૧ બની રહે. આગામી દિવસોમાં આવનારી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સફાયો થવાનો હોવાનો આત્મવિશ્વાસ ગુજરાતના મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. કેન્દ્રમાં કોંગ્રેસના શાસન દરમ્યાન જે કાળા નાણાનું સર્જન થયું છે, તેનું કોંગ્રેસને પેટમાં દુઃખે છે, અને તેથી કાળાબજારીયાઓને બચાવવા માટે નોટબંધીના નિર્ણયનો વિરોધ કરે છે. ૮મી નવેમ્બરે નોટબંધીનો નિર્ણય લેવાયો અને તરત જ ૨૭ નવેમ્બરના રોજ યોજાયેલી નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ભાજપાનો ભવ્ય વિજય થયો હતો. કોંગ્રેસની નિતી દેશમાં તોફાનો થાય, અશાંતિ ફેલાય તેવા કારસાઓ રચવાની હતી, પરંતુ લોકોએ કોંગ્રેસને સાથ આપ્યો નથી.

દેશની જનતાને ગુમરાહ કરવાનું કામ કોંગ્રેસ કરી રહી છે, અને રાહુલ ગાંધી નવા વર્ષની શરૂઆતમાં જ રજા ઉપર ઉતરીને જાહેર જીવનમાંથી અચાનક અદ્રશ્ય થઈ જાય છે. આવું આચરણ તેમણે ભૂતકાળમાં પણ અનેકવાર કરેલ છે.



**સ્નેહ મિલન :** રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા રવિવારે બપોરે રાજપૂત ભવન ખાતે સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. સાફામાં સજ્જ રાજપૂત સમાજના સભ્યોએ ઉત્સાહનો માહોલ સર્જ્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રી ભરતસિંહજી પરમાર, અગ્રણી ધારાસભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી સી. જે. ચાવડા, શ્રી કનકસિંહ માંગરોલા, પ્રદિપસિંહ વાઘેલા, ભાવનાબા ઝાલા, પ્રમુખ શ્રી શંકરસિંહ રાણા સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ટ્રેડ-શોમાં... ●

**અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગ્લોબલ ટ્રેડ શો ની વિશાળ જગ્યામાં ૧૪ ડોમ તૈયાર કરાયા છે. જયારે ફીવાઇફાઇની સુવિધા પુરી પાડવા માટે ૧૫૦૦થી વધુ હોટસ્પોટ એકટિવ કરાયા છે. પ્રતિનિધિ મંડળો માટે ગોલ્ફ કાર્ટસ તેમજ બેટરી સંચાલિત વાહનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સલામતીના ભાગરૂપે સિક્યુરિટી ઉપરાંત ૩૫૦ સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત ઈવેન્ટ મેનેજમેન્ટ કન્ટ્રોલ રૂમ તેમજ કોન્ફરન્સ રૂમ,ફુડકોર્ટ તેમજ ફાયર સેફિટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રેડ શો ને અનુલક્ષી એગ્રો બેંક ,એન્જિનિયરીંગ,ઓટો,આઇ ટી તેમજ આરોગ્ય સહીતના ૨૫ સેકટરોને અનુલક્ષી ૧૦૦ ટકા બુકીંગ પણ થઇ ગયુ છે.ટેક્ષટાઇલ અને એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સને પણ પેવેલીયનોમાં સ્થાન આપવામાં આવ્યુ છે. સરદાર વલ્લભભાઇ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રતિમાનુ પણ નિદર્શન કરાશે. ગુજરાતની કલા કારીગીરી અને સંસ્કૃતિની ઝાંખી પણ ટ્રેડ શો માં જોવા મળશે.ગ્લોબલ ટ્રેડ શો તા ૧૦ અને ૧૧ જાન્યુઆરી આમંત્રિતો માટે તેમજ ૧૨ અને ૧૩ જાન્યુઆરી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે. ગલોબલ ટ્રેડ શોમાં વિનામુલ્યે પ્રવેશ અપાશે. ઉઘોગ સચિવ એસ જે હૈદર તેમજ ઈન્ડસ્ટ્રી કમિશ્નર મમતા વર્માએ પણ જરૂરી માહીતી પુરી પાડી હતી. આ પ્રદર્શનમાં ખાનગી કંપનીઓ ૩૫ ટકા ,આંતરરાષ્ટ્રીય ૧૦ ટકા અને ભારત સરકારની ૧૪ ટકા તેમજ રાજય કક્ષાની ૩૦ ટકા સહીત અન્ય ૨ ટકા કંપનીઓ ભાગ લેશે.

## કચવાટ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

૨૦૧૭ ચૂંટણીનું વર્ષ હોઈ બધાને વ્યસ્ત રાખો અને કાર્યક્રમોની ભરમાળ ઉભી કરો તેવી રણનીતિ તૈયાર કરવામાં આવી હોવાની વાતો પણ આ વર્તુળો કરી રહ્યા છે. જાન્યુઆરી માસમાં જ ત્રણથી વધુ સરકારના મહત્વના કાર્યક્રમો છે. આ સંજોગોમાં પ્રજાને તેના પ્રશ્નોના ઉકેલ માટે તંત્ર કેટલું કાર્યરત હશે તેવા સવાલો પણ વર્તુળોમાં વ્યકત થતા સાંભળવા મળ્યા હતા.

પહેલા ગુણોત્સવ ડિસેમ્બરમાં યોજાવાનો હતો પરંતુ પંચાયતોની ચૂંટણી જાહેર થતાં તે જાન્યુઆરીના અંતમાં લઈ જવામાં આવ્યો હતો. પાછો તેમાં પુનઃ વિચાર કરી ફેરફાર કરી તા. ૧૬, ૧૭ અને ૧૮ તારીખો જાહેર કરવામાં આવી છે. ગુણોત્સવ દરમિયાન રાજયના ૩૦૦૦થી વધુ અધિકારીઓ અને પદાધિકારીઓ શાળાના ગુણવત્તાસભર શિક્ષણના મૂલ્યાંકન માટે જતા હોય છે. સાતમો ગુણોત્સવ છે. ગુણોત્સવનું આયોજન તંત્ર દ્વારા તૈયાર કરવામાં વ્યસ્ત બન્યું છે.

## સુરાવલિ રેલાવશે...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગ્લોબલ ટ્રેડ શૉમાં વિદેશની ૨૦૦ જેટલી કંપનીઓ દ્વારા પણ વિવિધ સ્ટોલ્સના બુકિંગ કરાવવામાં આવ્યા છે. જેમાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ કંપનીઓ દ્વારા તે અંગેની તૈયારીઓ પણ સ્ટોલ્સને સજાવવાની શરુ કરી દેવામાં આવી છે. ગ્લોબલ ટ્રેડ શૉમાં વિવિધ બેન્ડ અને દેશ વિદેશની નામાંકિત કંપનીઓના ખાસ સ્ટોલ્સ ઉપરાંત વિવિધ રાજયોની જાણીતી હસ્તકલાની ચીજોનું પણ પ્રદર્શન સ્ટોલ્સ ઉભા કરી અને કરવામાં આવી રહ્યું છે. આ ટ્રેડ શૉમાં મહારાષ્ટ્ર, અરુણાચલ પ્રદેશ, ઝારખંડ, દીવ, કર્ણાટક અને છત્તીસગઢના બુકિંગ કન્ફર્મ થઈ ગયા છે. જયારે કેરાલા, રાજસ્થાન, આંધ્રપ્રદેશ સાથે હાલ વાતચીતો ચાલુ છે. આ ટ્રેડ શૉમાં જુદી જુદી ૨૫ જેટલી થીમ પર સ્ટોલ્સ અને પ્રદર્શની થશે. જે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને આગામી બે થી ત્રણ દિવસમાં તે માટે સંપૂર્ણ સજ્જ સમગ્ર સ્થળ કરી દેવામાં આવશે.

## કાનૂન અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

કરી શકશે. કેવાયસીનો ભંગ કરી ડેટા ચોરી કરી સાયબર ક્રાઈમનો ભોગ બનનાર અરજદારને ગુજરાત સરકાર ૫ કરોડ સુધીનું વળતર આપવા સક્ષમ છે. કેન્દ્રીય કાયદાની જોગવાઈ ઉપરાંત આ વધારાની સગવડ ગ્રાહકોને રાજય સરકારે આપી ખરા અર્થમાં ડિજીટલ ઈન્ડીયાની શરૂઆત વાઈબ્રન્ટ ગુજરાતના સમયે કરવામાં આવતા ઓન લાઈન ટ્રાન્ઝેકશન કરતા કરોડો ખાતા ધારકોને રાહતની લાગણી અનુભવે છે. જે બેન્કના ખાતા ધારક હોય તે બેન્કને પક્ષકાર બનાવી અરજી ગુજારતા એડજયુડિકેટીંગ ઓફિસર બન્ને પક્ષકારોને સાંભળી પુરાવા ધ્યાને લઈ ભોગ બનનાર ગ્રાહકને બેન્ક દ્વારા વળતર ચુકવવા માટે હુકમ કરશે બેન્કોએ આ માટે દરેક બેન્ક ધારકને વીમા કવચથી સુરક્ષીત કરવાની નવી જવાબદારી અદા કરવી પડશે.

સામાન્ય રીતે કોઈપણ ઓન લાઈન કામકાજ સાથે સંકળાયેલી સંસ્થા કે બેન્ક કે કોર્પોરેટં બોડી સાથે સંકળાયેલ સંસ્થા, વ્યક્તિ, બેન્ક, કોર્પોરેટ બોડી પાસે રહેલા ઓન લાઈન સંવેદનશીલ ડેટા ગુપ્ત હોય છે. તેમ છતાં સાઈબર ક્રાઈમ દ્વારા લીક કરવામાં આવે તો તેવા કિસ્સામાં નુકશાન પામનાર વ્યક્તિ નુકશાન મેળવવા હક્ક દાર બનશે. રાજય સરકાર પાસે પડતર ૧૩ અરજમાંથી ૫ અરજદારોને નુકશાન વળતર આપવાના ચુકાદા એડજયુડિકેટીંગ ઓફિસર દ્વારા આપવામાં આવ્યા છે.

ભોગબનનાર વ્યક્તિ વિજ્ઞાન અને પ્રાદ્યોગીકરણ વિભાગની કચેરીએ એડજયુડિકેટીંગ ઓફિસર સમક્ષ નુકશાન વળતર મેળવવા માટે અરજી ગુજારી શકે છે. આવી અરજી રાજય સરકારની વેબસાઈડ www.dst.gujarat.gov.in પરથી પણ કરવાની સગવડ ઉભી કરવામાં આવી છે. આગામી સમયમાં ઓન લાઈન ક્રાઈમનો ભોગબનનાર આ પ્રકારની અરજી કરી નુકશાન મેળવી શકશે. લોકોમાં જનજાગૃતિ આવતા સાયબર ક્રાઈમ રેટમાં ઘટાડો ચોક્કસ થશે અને ભારતનું ડિજીટલ ઈન્ડીયાનું સપનું સાકાર થશે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

સમાપ્ત થઈ જવાનાં જોખમ અનુભવે છે. આ સસ્તી લોકપ્રિયતામાંથી હવે તો ઉજળિયાત ગણાતા વર્ગો જાટ, પટેલ, મરાઠા, બ્રાહ્મણ, રાજપૂત સહિતના પણ અનામતની માંગણી કરવા માંડ્યા છે.

ભારતીય બંધારણ ઘડાયું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી અમલમાં આવ્યું ત્યારે અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટે સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સુવિધાઓમાં અનામત પ્રથાનો અમલ કરવાની જોગવાઈ અમલી હતી. બંધારણમાં પહેલા સુધારાની સાથે જ અન્ય પછાત વર્ગો (ઓબીસી)ની અનામતની જોગવાઈ થતાં કાકાસાહેબ કાલેલકર પંચ પછીના મંડળ પંચે તો ૧૯૮૯-૯૦ દરમિયાન રાષ્ટ્રીયસ્તરે ગજબનાક અજંપો પ્રગટાવ્યો હતો. દેશની ૫૨(બાવન) ટકા ઓબીસી વસ્તી માટે ૨૭ ટકા અનામતને સુપ્રીમ કોર્ટે પણ માન્યતા આપી ત્યારે કુલ અનામતની ટકાવારી ૫૦ ટકાથી વધે નહીં એનું નિર્ધારણ કર્યું. જોકે તમિળનાડુનાં એ વેળાનાં જાગૃત મુખ્યમંત્રી જયલલિતા જયરામ અને સર્વપક્ષી નેતાગીરીના આગ્રહથી બંધારણીય સુધારા થકી વડાપ્રધાન પી.વી. નરસિંહ રાવના યુગમં તમિળનાડુમાં ૬૮ ટકા અનામતનો અમલ થયો. અન્યો માટે પણ એ પ્રેરણારૂપ બન્યો.

વિવિધ રાજ્યોમાં વિવિધ જ્ઞાતિઓ અને વર્ગોની અનામતની માગણીના ટકામાં આરંભાતાં રહેલાં આંદોલનનોને પગલે વિવિધ પ્રાંતોમાંથી અનામત શ્રેણીમાં આમેજ થવા માટે તથા અનામતની ટકાવારી ૫૦ ટકાથી વધુ થાય તો પણ બંધારણીય સુધારા થકી એને લાભ અપાવવાનાં દબાણો કેન્દ્ર સરકાર તથા વિવિધ કમિશનો પર આવતાં રહ્યાં. સર્વોચ્ચ અદાલત થકી વિવિધ રાજ્ય સરકારોએ અનામતની વધારેલી ટકાવારીને ગેરબંધારણીય ગણાવતા ચુકાદા આવતા રહ્યા. મુસ્લિમો અને ખ્રિસ્તીઓનો અનામત આપવાની તરફેણ અને વિરોધણમાં વિવિધ રાજકીય પક્ષોએ એકમેક સામે તલવારો તાણી; તો દલિતોમાંથી મુસ્લિમ કે ખ્રિસ્તી થયેલાઓને એ લાભ ચાલુ રાખવા માટે સંસદ ગૂંજવા માંડી. આદિવાસીઓમાંથી મુસ્લિમ કે ખ્રિસ્તી થયેલાઓને અનામત સહિતના મૂળ લાભ ચાલુ રહેવાની બંધારણીય જોગવાઈએ પણ કેટલાક નવા બળાપા સર્જ્યા.

આવા સંજોગોમાં લોકપ્રિયતા ટકાવવા માટે અનામતની ટકાવારી વધારવા બંધારણીય સુધારાની અનિવાર્યતા પેદા થવી સ્વાભાવિક છે. રાષ્ટ્રીય કક્ષાએ એસ.સી., એસ.ટી. અને ઓબીસીની કુલ ટકાવારી ૫૦ ટકાને આંબવા જતી હોવાથી મોદી સરકારના સમાજ કલ્યાણ રાજ્ય મંત્રી રામદાસ આઠવલેએ ઉજળિયાતોના આર્થિક રીતે નબળા વર્ગો માટે અનામતની જોગવાઈ કરવાની ફોર્મ્યૂલા પ્રચલિત કરી. મહિને જેની આવક એક લાખ રૂપિયા હોય તેને ઓબીસી શ્રેણીમાં આર્થિક રીતે પછાત ગણવામાં આવે છે ! હવે બંધારણીય સુધારો કરીને કુલ અનામતની ટકાવારી ૭૫ ટકા કરવાની ઘોષણાઓ આઠવલેએ કરવા માંડી છે. જોકે આ બંધારણીય સુધારો થશે ત્યારે થશે, પણ આદિવાસી અને દલિત સમાજના નેતાઓએ તો તેમની વસ્તીના પ્રમાણમાં અનામતની ટકાવારીનો અવાજ સંસદમાંય બુલંદ કરવા માંડ્યો છે. બેઉની વસ્તી વધી છે. એમની અનામત ટકાવારી વધારાય, તો ૫૨ (બાવન) ટકા ઓબીસી પણ એની વસ્તીના પ્રમાણમાં અનામતની માંગણી કરવા માંડશે. આવા સંજોગોમાં આ અનામતનું, વિષચક્ર ક્યાં જઈને અટકશે, એ કહેવું એ જ મહાપ્રશ્ન છે.

-haridesai@gmail.com

## પુનઃ વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ડિઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો.નવા રેટ આજે અડધીરાતથી તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યા છે જેના પરિણામ સ્વરુપે આજે રાતથી જ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો અમલી કરી દેવામાં આવ્યો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવેલી કિંમતોમાં લોકલ સેલટેક્સ અથવા તો વેટનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડિઝલની આંતરરાષ્ટ્રીય પ્રોડક્ટ કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલમાં જ ઓપેક દેશોએ તેલનું ઉત્પાદન ઘટાડી દેવાનો નિર્ણય કર્યો હતો જેના પરિણામ સ્વરુપે કિંમતો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પેટ્રોલ અને ડિઝલની વેચાણ કિંમતમાં હવે ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે.

